# ગાંધીનગર જિલ્લા પોલીસ વડા તરીકે તરૂણ દુગ્ગલ

**પોલીસ વડા મયુર ચાવડાની બદલી આઈબીમાં કરાઈ**

ગાંધીનગર, તા.૨

છેલ્લા કેટલાક સમયથી રાજયના પોલીસ બેડામાં બદલી અને બઢતીના ભણકારા વાગી રહ્યા હતા તેનો અંત આવી ગયો છે. રાજયના ૭૭ આઈપીએસ અધિકારીઓની બદલી તેમજ બઢતીના હુકમ કરવામાં આવ્યા છે. જેમાં ગાંધીનગર જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાની બદલી ઈન્ટેલીજન્સ બ્યુરોમાં કરવામાં આવી છે. જયારે બનાસકાંઠાના એસપી તરૂણ દુગ્ગલની ગાંધીનગર જિલ્લા પોલીસ વડા તરીકે નિમણુંક કરવામાં આવી છે.

ગુજરાતમાં ચુંટણીઓ વહેલી યોજાય તેવા સંકેત જોવા મળી રહ્યા છે. ત્યારે રાજયમાં આઈપીએસ અધિકારીઓની બદલીઓની આતુરતાપૂર્વક રાહ જોવાઈ રહી હતી. ત્યારે રાજય સરકાર દ્વારા ૫૭ આઈપીએસ અધિકારીની બદલી તેમજ ૨૦ આઈપીએસ અધિકારીઓને બઢતી સાથે બદલી કરવામાં આવી છે. ત્યારે ગાંધીનગર જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાની પણ બદલી કરવામાં આવી છે અને તેઓને ઈન્ટેલીજન્સ બ્યુરોમાં મુકવામાં આવ્યા છે. તો બીજીતરફ બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા તરીકે ફરજ બજાવતા તરૂણ દુગ્ગલને ગાંધીનગર જિલ્લા પોલીસ વડા તરીકે વરણી કરાઈ છે.જયારે તરૂણ દુગ્ગલ ૨૦૧૧ બેચના આઈપીએસ અધિકારી છે. જયારે તેઓએ વડોદરા અને બનાસકાંઠા એસપી તરીકે ફરજ બજાવી ચુકયા છે. રાજયના પોલીસ બેડામાં એક સાથે આટલી સંખ્યામાં ધરખમ ફેરફાર કરવામાં આવતા ચુંટણી વહેલી યોજાય તેવી શકયતાઓ જોવા મળી રહી છે.

# ધો-૧૦ અને ૧૨માં ત્રણ મહત્વના વિષયના પ્રશ્નપત્ર સોમવારે

**સોમવારે ધો -૧૨ માં ગણિત અને ધો -૧૦ માં વિજ્ઞાન વિષયની પરીક્ષાને અનુલક્ષી વિદ્યાર્થીઓમાં ઉત્તેજના : રજાના દિવસોમાં આખરી તબક્કાનુ રીવીઝન કરવામાં વિદ્યાર્થીઓ ગળાડુબ**

ગાંધીનગર તા ૨

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા હાલ ધો -૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓની પરીક્ષા લેવામાં આવી રહી છે. જયારે ધો -૧૦ અને ૧૨ ના પરીક્ષાર્થીઓએ અત્યાર સુધી ત્રણ મહત્વના વિષયની કસોટી પાર કરી લીધી છે. અલબત્ત ત્રણેય મહત્વના વિષયોના પ્રશ્નપત્રો પણ સરળ નિકળતા વિદ્યાર્થીઓમાં હાંશકારો પ્રવર્તયો છે. જયારે હવે સોમવારે ધો -૧૦ માં વિજ્ઞાન અને ધો -૧૨ માં ગણિત વિષયના પેપર તરફ વિદ્યાર્થીઓની મીટ મંડરાઇ છે. જિલ્લામાં અત્યાર સુધી એક પણ કોપી કેસ નોંધાયો નથી.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા હાલ ધો -૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓની બોર્ડ પરીક્ષા લેવામાં આવી રહી છે. મધ્યાંતરે પહોંચેલી કસોટીના અંતે હજુ સુધી જિલ્લામાં એક પણ કોપી કેસ કે કોઈ અનિઈચ્છિનય બનાવ નોંધાયો નથી. જિલ્લામાં શાંતિપુર્ણ રીતે પરીક્ષા સંપન્ન થાય તે માટે શિક્ષણ તંત્ર દ્વારા પણ પુરતી તકેદારી રાખવામાં આવી રહી છે. ધો -૧૦ માં અત્યાર સુધી ગુજરાતી , તેમજ બેઝિક અને સ્ટાન્ડર્ડ ગણિત વિષયની કસોટી પુર્ણ થઇ ગઇ છે. જયારે ત્રણેય પેપર એકંદરે સરળ નિકળતા વિદ્યાર્થીઓનો ભાર પણ હળવો થયો છે. આ ઉપરાંત ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં પણ ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન અને જીવવિજ્ઞાન વિષયનુ પ્રશ્નપત્ર સરળ નિકળતા વિદ્યાર્થીઓ માટે ત્રણ મહત્વના વિષયની પરીક્ષાના અંતે આનંદની લાગણી પ્રવર્તી છે. જયારે હવે બોર્ડ પરીક્ષા અન્વયે આગામી તા ૪ એપ્રિલના રોજ ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ગણિત વિષયની પરીક્ષા લેવાશે જયારે ધો -૧૦ માં વિજ્ઞાન વિષયનુ પેપર હોવાથી વિદ્યાર્થીઓ હાલ પરીક્ષાલક્ષી તૈયારીમાં ગળાડુબ છે. ધો -૧૦ અને ૧૨ માં ગણિત અને વિજ્ઞાન વિષયના મહત્વના વિષયને અનુલક્ષી વિદ્યાર્થીઓને પરીક્ષાના આગળના દિવસે બે દિવસની રજાનો લાભ મળતા પરીક્ષાર્થીઓ પણ પુર્ણ રીતે રીવિઝન કરવાના મુડમાં લાગી ગયા છે.

ત્યારબાદ બોર્ડ પરીક્ષામાં અંગ્રેજી વિષયનુ પેપર બાકી રહેશે સામાન્ય પ્રવાહમાં પણ નામાના મુળ તત્વો અને આંકડાશાસ્ત્ર તેમજ અર્થશાસ્ત્ર વિષયનુ પેપર સરળ નિકળતા વિદ્યાર્થીઓમાં હાંશકારો થયો છે. સામાજિક વિજ્ઞાન અને વાણિજય વ્યવસ્થા વિષયની પરીક્ષા લેવાશે. જિલ્લામાં અત્યાર સુધી પરીક્ષા દરમિયાન એક પણ કોપી કેસ નોંધાયો નથી.



ઉનાળો દિવસે દિવસે આકરો બની રહ્યો છે. બપોરે તો આકાશમાંથી અંગારા વરસતા હોય તેવુ લાગે છે. એટલો બધો તડકો પડે છે કે ઘરમાંથી બહાર નીકળવુ મુશ્કેલ બની રહ્યુ છે. ટ્રાફીકથી ધમધમતા માર્ગો બપોરના સમયે એકદમ સુમસામ બની જાય છે. આકરા તડકામાં તપી રહેલા 'ગ' રોડ વાહનોની અવરજવર વિના સાવ સુમસામ લાગી રહ્યો છે.

# ઉનાળાના આરંભે જ જિલ્લામાં પાણીના પોકાર ઉઠયા...

**ભૂગર્ભ જળના સ્તર નીચે જતા પાણીની ગુણવત્તા સામે પણ પ્રશ્નાર્થ : ૨.૫૦ મીટર સુધી પાણીના સ્તર નીચે ગયા : ૬૦ થી વધુ ગામો આજે પણ નર્મદાનું પાણી લેતા નથી, શહેર સહિત ગ્રામ્ય વિસ્તારમાં જળસંકટ તંત્ર માટે પડકારરૂપ બનશે**

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ઉનાળાના આરંભે જ પાણીની તકલીફોનો આરંભ થયો છે. ચિલોડા પાસે આવેલ એરફોર્સ સ્ટેશન અને દહેગામ તાલુકામાં પાણીની ફરિયાદો તીવ્રતા સાથે ઉઠવા પામી છે.

જિલ્લામાં આ વર્ષે ચોમાસા દરમ્યાન ૨૧ ટકા વરસાદની ઘટ રહી છે તેમજ ભૂગર્ભ જળના પાણી ૨.૫૦ થી ૫ મીટર સુધી ઊંડે ગયા હોવાથી પાણીના પ્રશ્નો વધુ ગંભીર બન્યા છે.

દહેગામ તાલુકામાં તો નવાનગર પંથકમાં પાણીના પ્રશ્નો વધ્યા છે. આ ઉપરાંત ઘણા બધા ગામો અને પેટા-પરાઓમાં પાણી પુરા ફોર્સના અભાવે પાઈપલાઈન દ્વારા પહોંચવામાં પણ તકલીફો પડી રહી છે. આ અંગે જિલ્લાકક્ષાએ રજુઆતો પણ ગ્રામજનો દ્વારા કરવામાં આવી રહી છે.

ઉત્તર ગુજરાતમાં ચોમાસામાં વરસાદની ઘટને પગલે જિલ્લાની એક પણ નદી રિચાર્જ વરસાદી પાણીના અભાવે થઈ નથી. ભૂગર્ભ જળ રોજ-બરોજ નીચે જઈ રહ્યા છે. નર્મદાનું પાણી આપવા માટેનું નેટવર્ક છે પણ જે ગામોમાં પાણી જાય છે ત્યાં પુરા ફોર્સથી પુરવઠો નહિ મળતા હોવાની વાતો પણ ગ્રામજનો દ્વારા જોરશોરથી થઈ રહી છે. જિલ્લામાં ૬૦થી વધુ ગામો આજે પણ નર્મદાનું પાણી લેતા નથી.

ઉનાળાના આરંભે જ પાણીના પ્રશ્ને માંગ અને સપ્લાયના પ્રશ્નો ઉભા થયા છે. જિલ્લામાં ભૂગર્ભ જળના સ્તર નીચે જઈ રહ્યા હોવાથી પાણીની ગુણવત્તા સામે પણ પ્રશ્નાર્થો છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં પેયજળના પરીક્ષણ માટે ૨૦૧૫માં ૨૨૦૮ નમૂના લેવાયા હતા જેમાંથી ૪૧૫ નામંજૂર થયા હતા. ૨૦૧૬માં ૫૭૪ નમૂના લેવાયા હતા જેમાંથી ૧૪૨ નામંજૂર થયા હતા. ૨૦૧૭માં ૭૧૧ નમૂના લેવાયા હતા જેમાંથી ૯૪ નામંજૂર થયા હતા. ૨૦૧૮માં ૮૭૯ નમૂના લેવાયા હતા જેમાંથી ૭૮ નામંજૂર થયા હતા જ્યારે ૨૦૧૯માં ૧૦૧૪ નમૂના લેવાયા હતા અને ૧૬૩ નામંજૂર થયા હતા.

ગાંધીનગર જિલ્લામાં ભૂગર્ભજળ ઊંડા જઈ રહ્યા છે. આ વખતે ગરમીનું પ્રમાણ પણ વધારે જોવા મળી રહ્યુ છે. ગાંધીનગર શહેરમાં પીવાના પાણીની માંગમાં વધારો થયો છે. હાલ શહેરમાં ૬૦ એમ.એલ.ડી. પાણી પુરૂ પાડવામાં આવી રહ્યુ છે પરંતુ પુરા ફોર્સથી પાણી નહિ મળતુ હોવાની ફરિયાદો એટલી જ ઉઠી છે. આમ ઉનાળાના આરંભે જ પાણીના પ્રશ્નો તંત્ર માટે માથાના દુઃખાવા જેવા બની સામે આવી રહ્યા છે.

# પવિત્ર રમઝાનનો આજથી પ્રારંભ

**શનિવારે ચાંદ દેખાતા રવિવારે પહેલો રોઝો : ચાંદ કમિટીની ચાંદ કેખાયા અંગેની જાહેરાત**

ગાંધીનગર, તા. ૨

મુસ્લિમ બિરાદરોના પવિત્ર રમઝાન માસનો રવિવારથી પ્રારંભ થઈ રહ્યો છે. શનિવારે સાંજે રમઝાન માસનો ચાંદ દેખાતા ગુજરાત ચાંદ કમિટિએ રમઝાન માસ પ્રારંભની જાહેરાત કરી હતી. આગામી આખો માસ મુસ્લિમ બિરાદરો રોઝા રાખી ઈબાદતમાં સમય પસાર કરશે.

ઈસ્લામિક કેલેન્ડરનો નવમો મહિનો રમઝાન માસ તરીકે ઓળખવામાં આવે છે. જેને સૌથી પવિત્ર મહિનો ગણવામાં આવે છે. ૨૯ થી ૩૦ દિવસ સુધી રમઝાનના રોઝા (ઉપવાસ) કરવામાં આવે છે. મુસ્લિમ બિરાદરો માટે આ માસનુ ખુબ મહત્વ છે. ઈસ્લામિક માન્યતાઓ અનુસાર આ માસના રોઝા રાખવામાં આવે છે અને અલ્લાહની બંદગી કરવામાં આવે છે. રોઝા દરમ્યાન સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી ખાવા-પીવામાં આવતું નથી. સૂર્યાસ્ત બાદ ઈફતાર કરવામાં આવે છે. આખો દિવસ મુસ્લિમ બિરાદરો ઈબાદતમાં દિવસ પસાર કરે છે. મોડી રાત્રે તરાવીહની ખાસ નમાઝ મસ્જિદોમાં અદા કરવામાં આવે છે.

રોઝા રાખવાની સાથે જ આ માસમાં દાન-પુણ્યનો પણ વિશેષ મહિમા રહે છે. ગરીબોને અને સગા-સંબંધીઓને દાન કરવામાં આવે છે. અનાજ અને કપડાંનું દાન પણ કરવામાં આવે છે.

રમઝાન માસના પ્રારંભની જાહેરાત સાથે જ બજારોમાં ફળોની ખરીદી શરૂ થઈ હતી. તરબુચ, ટેટી, કેળાની ખરીદી કરાઈ હતી. આ ઉપરાંત શરબત બનાવવા માટે લીંબુની માંગમાં પણ એકાએક ઉછાળો આવ્યો હતો.

# શહેરમાં આડેધડ ખોદકામોના પગલે કેબલ કપાવવાની વ્યાપક ફરિયાદો

**ટોરેન્ટ પાવરના કેબલો કપાઈ જતા વસાહતીઓને અંધારપટ ભોગવવો પડે છે : સે.૨૯માં આજે ૧૨ કલાક વિજપુરવઠો ખોરવાતા આકરી ગરમીથી ત્રાહિમામ**

ગાંધીનગર,તા.૨

શહેરમાં છેલ્લા બે મહિનાથી રોડના અને પાણી-ગટર પુરવઠાની લાઈનો નાખવાની કામગીરી દરમિયાન આડેધડ જેસીબી ચલાવાતા વિજપુરવઠાના કેબલો કપાઈ જવાની ઘટનાઓ છાશવારે બને છે. અને ૧૦-૧૨ કલાક સુધી ઉનાળાની તિવ્ર ગરમીમાં વસાહતીઓને અંધારપટની સાથે સાથે એ.સી., પંખાની હવાથી વંચિત રહેવું પડે છે. શહેરમાં અનેક વખત વસાહત મંડળો અને અગ્રણીઓની ફરિયાદો છતાં સત્તાવાહકો કોઈ જ પ્રકારના નક્કર પગલા લેતા નથી જેના પગલે રોષ વ્યાપક બનતો જાય છે. ગરમીના દિવસોમાં કેબલો કપાતા સમયસર ટોરેન્ટ પાવરના કર્મચારીઓ ન પહોંચતા વારંવાર વસાહતીઓને હાલાકી ભોગવવી પડે છે. સેક્ટર-૨૯ના ઘ-૬ કોર્નર પર શનિવારે સવારથી કેબલ કપાઈ જતાં આખો દિવસ વિજ પુરવઠા વિના વસાહતીઓને વિતાવવા પડ્યો હતો. અને મોડી સાંજ સુધી વિજ પુરવઠો ન મળતા રાત્રે ભારે ઉશ્કેરાટ અને ઉકળાટ ફેલાયા હતા. જોકે શહેરમાં અનેક વખત ખોદકામ દરમિયાન વિભાગો વચ્ચેના સંકલનનો અભાવ પણ જોવા મળતો હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે.

# અડાલજ ક્લોવર લીફની રોનક નિખરશે, ત્રિકોણો અને સર્કલો નિખારવાનુ કામ શરૂ

**ક્લોવર લીફના વિસ્તારમાં આઠ ત્રિકોણ અને ચાર સર્કલોમાં હરિયાળી નિખારવા સહીત લાઇટીંગ અને વોક વે પણ તૈયાર કરવામાં આવી રહ્યો છે**

ગાંધીનગર તા ૨

એસ જી હાઈવે પર અડાલજ નજીક સ્થિત ક્લોવર લીફના વિસ્તારની રોનક નિખારવા માટે તંત્ર દ્વાર કામ શરૂ કરી દેવાયુ છે. આ વિસ્તારમાં આઠ ત્રિકોણ તેમજ ચાર મોટા સર્કલોને વિકસાવવા માટે કામગીરી હાથ ધરવામાં આવી છે. જેમાં હરિયાળી લોન તેમજ વોક વે અને લાઈટીંગ સહીતનુ કામ હાથ ધરાશે જેથી રાત્રિના સમયે પણ ક્લોવર લીફનો નજારો નિખરશે. આ કાર્યયોજના પાછળ અંદાજિત રૂ ૧૫ કરોડથી વધુ ખર્ચ કરવામાં આવી રહ્યો છે.

એસ જી હાઈવે પર અડાલજ બ્રિજ નીચેના વિસ્તારમાં સ્થિત ક્લોવર લીફ નીચે વિવિધ સર્કલો તેમજ ત્રિકોણની સજાવટ માટે કાર્યયોજના હાથ ધરવામાં આવી છે. ક્લોવર લીફના



વિસ્તારમાં આઠ જેટલા ત્રિકોણીયા વિસ્તારમાં હરિયાળી લોન નિખારવામાં આવી રહી છે. ત્રિકોણ અને સર્કલોને વિકસાવી આ વિસ્તારનો રોનક નિખરે તે માટે હાલ યુધ્ધના ધોરણે કામ ચાલી રહ્યુ છે. આ વિસ્તારમાં અંદાજિત આઠ જેટલા ત્રિકોણ કોર્નરને હરિયાળીથી સજ્જ કરાશે જયારે આ ઠેકાણે પ્લાન્ટેશન પણ કરવામાં આવશે આ ઉપરાંત ચાર મોટા સર્કલોને પણ વિકસાવવા માટે કામ ચાલી રહ્યુ છે જેમાં સર્કલોમાં હરિયાળી લોન સહીત પ્લાન્ટેશન તેમજ નવા રોપાઓ અને વૃક્ષો ઉછેરવા માટે પણ કામગીરી આરંભી દેવામાં આવી છે. સર્કલ વિસ્તારમાં હરિયાળી

● અનુસંધાન પાન-૭ પર

# આકરી ગરમીમાં રોગચાળાનો ખતરો ટાળવા પીવાના પાણીમાં યોગ્ય કલોરિનેશન જાળવવા સુચના

**શહેરના સેકટરોમાં સપ્લાય થતા પાણીમાં હાલ ૦.૨ પીપીએમથી ૦.૪ પીપીએમ કલોરિનેશન રાખવામાં આવે છે : આરોગ્ય તંત્રએ પણ વધુ પાણી પીવા સલાહ આપી છે : ત્યારે શુધ્ધિકરણ મામલે પણ સતર્ક રહેવુ અનિવાર્ય**

ગાંધીનગર તા ૨

ગાંધીનગરમાં આકરી ગરમીના દિવસો શરૂ થઇ ગયા છે. જયારે ઉનાળાના દિવસોમાં શહેરમાં પાણીનો વપરાશ પણ વધી જાય છે. ત્યારે આરોગ્ય તંત્ર દ્વારા પણ નાગરિકોને વધુ પાણી પીવાની અપીલ કરવામાં આવે છે. ત્યારે પાણીજન્ય રોગચાળાથી બચવા માટે પાણીમાં યોગ્ય કલોરિનેશન જળવાઈ રહે તે પણ અનિવાર્ય છે. પીવાના પાણીમાં કલોરિનેશનની માત્રા ૦.૨ થી ૦.૪ પી પી એમ રાખવામાં હોવાનુ સુત્રોએ જણાંવ્યુ છે. ત્યારે શહેરમાં સપ્લાય થતા પાણીમાં યોગ્ય કલોરિનેશનની માત્ર જળવાઈ રહે તે માટે પણ સુચના આપવામાં આવી છે.

ગાંધીનગરમાં ઉનાળાની મોસમ શરૂ થતા ગરમીનો પારો પણ દિનપ્રતિદિન ઉંચકાઈ રહ્યો છે. ધોમધખતા તાપમાં પાણીનો વપરાશ પણ વધી જાય છે. હાલ શહેરીજનોની પાણીની જરૂરિયાત સંતોષવા માટે તંત્ર દ્વારા પુરતો સપ્લાય પણ આપવામાં આવી રહ્યો છે. જયારે પાણીમાં ક્લોરિનેશનની માત્રા પણ યોગ્ય રીતે જળવાઈ રહે તે માટે પણ સુચના આપવામાં આવી છે. શહેરમાં સપ્લાય થતા પીવાના પાણીમાં ૦.૨ પી પી એમથી ૦.૪ પી પી એમ સુધી કલોરિનની માત્રા રાખવામાં આવે છે. જો કે અગાઉ ઉનાળાની ગરમીના દિવસોમાં સેકટરોમાંથી પાણીના નમુના લેવામાં આવ્યા ત્યારે કલોરિનેશનના અભાવ વર્તાયો હોવાના પણ કિસ્સા સામે આવ્યા હતા. જેને અનુલક્ષી પાટનગર યોજના વિભાગના અધિકારીઓને પણ પીવાના પાણીમાં યોગ્ય કલોરિનેશન જળવાય તે માટે પણ સતર્ક રહેવા સુચના આપવામાં આવી છે. એકબાજુ આરોગ્ય તંત્ર દ્વારા પણ ગરમીના દિવસોમાં નાગરિકોને વધુ પાણી પીવા માટે પણ જણાંવાયુ છે. ત્યારે હાલ વધતા હીટવેવ વચ્ચે શહેરમાં પાણી જન્ય રોગચાળાની કોઈ ફરિયાદો ઉઠવા પામી નથી પરંતુ ઉનાળાની ગરમીના દિવસોમાં આ મામલે તંત્રએ સર્તક રહેવાની અનિવાર્યતા છે.

પાણીમાં કલોરિનેશન મામલે બેદરકારી દાખવવામાં આવે તો ગમે ત્યારે રોગચાળો વકરી શકે તેમ છે. શહેરમાં સપ્લાય થતા નર્મદાના કેનાલમાં વહેતા પાણીમાં પણ ઘણી અશુધ્ધિઓ જોવા મળે છે. જેને અનુલક્ષી પાણીના શુધ્ધિકરણ પણ યોગ્ય રીતે થાય તે પણ અનિવાર્ય હોવાનો સુર ઉઠવા પામ્યો છે.

# રાજ્યમાં કોરોનાના નવા ૧૧ કેસ : ૧૬ દર્દી રિકવર

ગાંધીનગર, તા.૨

ગુજરાતમાં કોરોનાના નવા ૧૧ કેસ નોંધાયા છે. તો બીજી તરફ ૧૬ દર્દી સાજા થઈ ચુક્યાં છે. અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૨,૯૧૬ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યા છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ સુધરીને ૯૯.૧૦ ટકાએ પહોંચી ચુક્યો છે. તો બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. આજે રાજ્યમાં રસીના કુલ ૨૭,૦૦૫ ડોઝ અપાયા હતા.

બીજી તરફ એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૬૪ એક્ટિવ કેસ છે. જે પૈકી ૦૨ નાગરિકો વેન્ટિલેટર પર છે. જ્યારે ૬૨ નાગરિકો સ્ટેબલ છે.

આ ઉપરાંત ૧૦,૯૪૨ નાગરિકોનાં કોરોનાને કારણે મોત થઈ ચુક્યાં છે. જો કે રાહતના સમાચાર કહી શકાય કે, આજે એક પણ નાગરિકનું મોત નથી થયું. અમદાવાદ કોર્પોરેશનમાં ૪, વડોદરા કોર્પોરેશનમાં ૨, વલસાડમાં ૨ અને પંચમહાલમાં ૧ નવો કેસ નોંધાયો હતો. બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com